Acknowledgement

## નિવેદન

એમ. એ. માં ભણતો હતો ત્યારે પત્રકારત્વ વિષયને શીખવાનો મોકો મળેલો. હંસા મહેતા લાયબ્રેરીમાં જઈ જૂનાં સામયિકોને જોવાનો રોમાંચ એ વિષયમાં ઊંડે સુધી તાણી જવામાં નિમિત્ત બન્યો છે. સામયિકો વાંચવા અને એમના વિશે કંઈક લખવું એ બંને વચ્ચે ઘણું મોટું અંતર છે એ વાત તો સૌ પહેલાં સમજાઈ હતી. પરંતુ આ રીતે સામયિકો પરની ધૂળ ખંખેરવાનું કે એમનાં અંકોને જુદા જુદા સ્થળોએ શોધવા રઝળપાટ કરવાનું સ્વીકાર્યું ત્યારે થયેલું કે કયા સામયિકો કયાં કયાંથી મળી શકે એની એક વ્યાપક માર્ગદર્શિકા આપણી પાસે હોત તો કેવું સારું ? વળી, એ સામયિકોમાં પડેલી સામગ્રી સવારથી સાંજ સુધી લાયબ્રેરીઓમાં પલાંઠી લગાવવાનું તપ માંગે છે એવું ભાન થયા પછી પરિશ્રમનાં સૂત્રો જ મારી મદદે આવી શકે.એમ હતાં ! સંશોધન શરૂ કરતી વખતે મનમાં ઓરતા તો એવા ઘડી રાખેલા કે બે જ વર્ષમાં કામ પૂરું થશે પરંતુ સંશોધન માટે સ્વીકારેલા સીમાચિહ્નરૂપ ૬ સામયિકોની તમામ સામગ્રી, પંડિત યુગનાં સામયિકોની પરંપરા અને ૬ સામયિકોની સમાંતરે પ્રકાશિત થયેલા અન્ય સામયિકેમાંથી પાર ઉતરતાં પરસેવો આવી ગયો છે.

જો કે એ પરિશ્રમ કમ સે કમ મારા માટે એળે ગયેલો માનતો નથી. સેન્ટ્રલ લાયબ્રેરી (વડોદરા)નાં ગ્લાસ ફ્લોર પર સામયિકોને જોવાનો આનંદ હજુયે એટલો જ તાજો છે. તો પરિષદ (અમદાવાદ) ની કે હંસા મહેતા (વડોદરા) લાયબ્રેરીમાં જળવાયેલાં સામયિકોની વચ્ચે હોવાનું સુખ પણ સાચવીને બેઠો છું. સામગ્રી એકઠી કરતાં કરતાં સામયિકોની વિશેષ બાજુઓનો જોવામાં એટલો રસ પડેલો કે કયારેક મારું કામ એક બાજુએ રહી ગયું હોય એવા અનુભવો થયા છે ને ત્યારે મારા રસને નિયંત્રિત કરવાનું કામ કરવું પડયું છે ! સામયિકોમાં દટાયેલા વિવાદો અને પ્રદાનોએ મને આનંદિત કરી મૂકયો છે તો સામે પક્ષે સામયિક માટે શહીદી વહોરવા તૈયાર થયેલા, આમરણાંત અનશન જાહેર કરવા વાળા નિષ્ઠાવંત તંત્રીઓ એ મને નિર્વેદમાં ડૂબાડી દીધો છે.

નિબંધને સમીક્ષાત્મક અને મૂલ્યાંકનલક્ષી રાખવાનું એક વલણ જરૂર રાખ્યું છે. પણ દસ્તાવેજી કારણાને કે મૂલ્યવાન દસ્તાવેજી વીગતોને જાળવી લેવાનું પણ

હંમેશા સ્વીકાર્યું છે. બલ્કે, સંશોધનને એ દિશામાં ફેલાવવા દીધું છે.

મારા માર્ગદર્શક ડૉ. રમણ સોની પત્રકારત્વ ક્ષેત્રમાં મારા રસ રુચિને પોસવામાં મદદરૂપ થયા છે એની આદરપૂર્વક નોંધ લઈને કહું તો સંશોધનની શિસ્ત અને પધ્ધતિ અંગેની જિજ્ઞાસાને સંકોરવામાં પણ એમનું દિશાદર્શન મહત્વનું બન્યું છે. સમયના કોઈપણ બંધનો વિના, કુટુંબના એક સભ્ય તરીકે એમણે તેમજ એમના હેતાળ પરીવારે મને સાચવ્યો છે. મારા સંશોધનને બોજારૂપ બનતું અટકાવવાનું આ રુણ હું નતમસ્તકે સ્વીકારું છું.

મારા સંશોધનમાં રસ લઈ પ્રેમપૂર્વક સૂચનો કરતાં રહેલા મ. સ. યુનિ. નાં ગુજરાતી વિભાગની, સામગ્રી સુલભ કરી આપવા માટે કૃષ્ણાવીર દિક્ષિતની આ તકે સાદર નોંધ લઉં છું. શરીફા, સમીર, રાજેશ, હસિત અને જયેશભાઈ જેવા મિત્રોની હૂંફ અને પ્રેરણા વિના પણ આ કામ ભાગ્યે જ થઈ શક્યું હોત.

એ સર્વ પ્રત્યે પ્રસન્નતાનાં ભાવ સાથે મારું આ કામ-આ શોધ નિબંધ - પ્રસ્તુત કરું છું, ત્યારે હળવાશ પણ અનુભવું છું.

કાલોલ, તા: ૯ / ઑગષ્ટ ૧૯૯૫

[ કિશોર વ્યાસ. ]

Statement of Original Work

સંશોધન લેખે મેં સ્વીકારેલો વિષય ''વીસમી સદીથી' સંસ્કૃતિનાં આરંભ સુધીનાં સમયગાળાનાં નોંધપાત્ર ગુજરાતી સાહિત્ય સામયિકોના પ્રદાનનો સમીક્ષાત્મક અભ્યાસ. 'વીસમી સદી', સાહિત્ય, ગુજરાત, 'કૌમુદી', માનસી અને 'પ્રસ્થાન' નાં વિશેષ સંદર્ભમાં'' ગુજરાતી સાહિત્યક પત્રકારત્વનાં એક મહત્વના ખંડને આવરી લે છે.

સાહિત્ય અને પત્રકારત્વ ભિન્ન ભિન્ન શાખાઓ છે. તે છતાં તેઓ પરસ્પરનાં પૂરક છે. એ કારણે જેમ સાહિત્યના શોધ - સંશોધનની ભૂમિકા આપણી સામે છે તેમ પ્રત્યેક સમયનાં નોંધપાત્ર સામયિકોનો પણ વિગતે અભ્યાસ થવો જોઈએ. આપણાં ગુજરાતી સામયિકોનાં ભિન્ન ભિન્ન પ્રયોજનોથી માંડીને એમાં સંઘરાયેલી સાહિત્ય સામગ્રી, સામયિકોની નીતિ અને વલણો તેમજ સાહિત્યક્ષેત્રે ચીંધી આપેલા પ્રદાનો કોઈ સાહિત્યક સંસ્થાની ગરજ સારે છે એ અર્થમાં કેટલાક સાહિત્યક સામયિકોને ઉંડાણથી જોવાનું અને એમના વિવિધ પાસાઓને લક્ષમાં લેવાનું અનિવાર્ય ગણીને આ અભ્યાસ હાથ ધર્યો છે. ૨૦મી સદીના નોંધપાત્ર સામયિકોની કામગીરી અને પ્રદાનનું અહીં મૂલ્યાંકન છે.

આ અભ્યાસ, મારી જાણ પ્રમાણે ગુજરાતીમાં સંશોધન સંદર્ભે પ્રથમવાર જ થઈ રહયો છે એ નીચેની વિગતોથી જાણી શકાશે.

(૧) પત્રકારત્વના સ્વરૂપ વિશે ગુજરાતી સાહિત્યમાં વ્યાપક ચર્ચા થયેલી છે. પરંતુ કેવળ સાહિત્યિક પ્રવૃતિ લેખે પત્રકારત્વનો થયેલો વિનિયોગ તરફ આપણું ધ્યાન ખેંચાયું નથી. સાહિત્યક પત્રકારત્વના સંદર્ભે સાહિત્યિક સામયિક પ્રવૃતિ, સામયિક સામેના પ્રશ્નો અને પડકારો અને સામયિકોનાં પ્રયોજનો અને પ્રદાનો . વિષયક ચર્ચા અહીં મૂકેલી છે.

(૨) ગુજરાતી પત્રકારત્વનાં પ્રારંભિક તબકકે સુધારાના આવેશથી જે સામયિક પરંપરા ઉદ્ભવી તેમાં 'બુધ્ધિપ્રકાશ' ડાંડિયો, 'સત્યપ્રકાશ', 'ગુજરાત શાળાપત્ર' જેવા સામયિકો અને પંડિત યુગના 'પ્રિયંવદા' 'જ્ઞાનસુધા' 'વસંત' જેવા સામયિકોએ ગુજરાતની સાહિત્યક, સાંસ્કૃતિક આબોહવાનું નિર્માણ કર્યું. આપણી આ સામયિક પરંપરાને જોવાનો અભિગમ પણ અભ્યાસ વિષયમાં સામેલ કર્યો છે.

ચર્ચા કરેલી છે. કોઈપણ સામયિક સર્જકના ઘડતરમાં, નવા વલણોનો પ્રસાર કરવામાં અને સાહિત્યિક આબોહવાને દર્શાવી આપવાનું સીમાચિહ્નરૂપ કાર્ય કરી શકે છે એ કાર્ય આમાનાં મોટાભાગના સામયિકો પૂરી સાહિત્યનિષ્ઠાથી કરી બતાવે છે. સામયિકોની આર્થિક નાણાંભીડ અને અપાર મુશ્કેલીઓ વચ્ચે પણ આ સાહિત્ય ખેવના ઝંખવાઈ નથી એ સર્વે વિગતોને પૂરા સંદર્ભ સહિત આ અભ્યાસમાં ચીધી છે.

ત્રણ દાયકાની સામયિક પરંપરાને વિસ્તારથી જોવાનું, પ્રકાશન સામગ્રીમાં ઉતરવાનું અને સાહિત્ય ઈતિહાસને રચી આપતા એમનાં વિશદ કાર્યોને તપાસવાનો અહીં અભિગમ છે.

કિશોર વ્યાસ